અક્ષયને સાહસિક ભૂમિકા કરવાનો વાંધો નથી હોતો ને તે પૂરી તાકાત સાથે કામ કરે છે. 'સ્કાય ફોર્સ' તેને પાછો વાળે તેવી પૂરી શકયતા છે. જો આમ થશે તો તેની પાછળ તેની બીજી ફિલ્મોની ફોજ બોક્સ ઓફિસ પર જંગ ખેલવા તૈયાર છે



# 'ખિલાડી' રિટર્ન્સ

## ન્યૂ યરમાં થશે અક્ષયની સેકન્ડ ઈનિંગ્સ?

ખરાબ ફોર્મમાં ચાલી રહેલા રોહિત શર્મા કે વિરાટ કોહલીમાંથી કોઈને ઓપનીંગમાં મોકલે તો તેઓ જરૂર હિચકિચાટ અનુભવે. ટેલેન્ટ હોવા વિશે પ્રશ્ન નથી પણ ઘણી વાર ટેલેન્ટ હોવા છતાં રમી શકાતું નથી. આવા સમયે દરેક ઈનિંગ કસોટી બની જાય છે. 'સ્કાયફોર્સ' નવા વર્ષના પહેલા જ મહિને આવી છે અને અક્ષય કુમાર માટે તે એક કસોટી છે. 2024માં તેણે બગડેલી બાજી સુધારવી હતી પણ ઓર બગડી. ન ચાલી 'બડે મિયાં છોટે મિયાં'ને 'સરફિરા'ને 'ખેલખેલમેં', 'સ્ત્રી-2' ચાલી પણ તેમાં તેની મુખ્ય ભૂમિકા ન હતી અને 'સિંઘ અગેઇન'માં તે આત્મવિશ્વાસ સાથે દેખાયો પણ તેનું કારણ રોહિત શેટ્ટી હતો જેણે અજય દેવગણ, ટાઈગર શ્રોફ, જેકી શ્રોફ વચ્ચે તેને મૂક્યો હતો. અક્ષયને મલ્ટી સ્ટાર ફિલ્મનો કયારેય વાંધો નથી પડયો. ઈગો વિના તે અમિતાભથી માંડી કોઈ પણ સ્ટાર સાથે કામ કરી શકે છે. તેની ઊર્જામાંય ઘટાડો નથી થયો પણ ફિલ્મોમાં મળતી સફળતા બાબતે વાંધા છે.

સ્ટાર દમ

2025નું વર્ષ અક્ષયની ઉમરના ઘણા સ્ટાર્સ માટે કસોટીનું જ બનવાનું છે. ગયા વર્ષે 'ગદર-2'થી સની દેઓલની કારકિર્દી બચાવી લીધેલી. શાહરૂખને પણ એક્સ્ટેન્શન મળેલું છે પણ સલમાન, આમિરની જેમ અક્ષયે પણ ફરી પોતાને સાબિત કરવાનો છે. 'સ્કાયફોર્સ' તેની એક અગત્યની ફિલ્મ છે અને તેમાં ભારત-પાકિસ્તાન સરહદ પર વીરતા, શહીદી અને હાર્યા વિના જંગ ખેલી લેવાની કહાણી છે. અક્ષયે આ ફિલ્મ માટે ઘણી મહેનત કરી છે. અક્ષયને સાહસિક ભૂમિકા કરવાનો વાંધો નથી હોતો ને તે પૂરી તાકાત સાથે કામ કરે છે. 'સ્કાય ફોર્સ' તેને પાછો વાળે તેવી પૂરી શકયતા છે. જો આમ થશે તો તેની પાછળ તેની બીજી ફિલ્મોની ફોજ બોકસ ઓફિસ પર જંગ ખેલવા તૈયાર છે. 'જોલી એલએલબી-3' એપ્રિલમાં રજૂ થવાની અપેક્ષા છે. તેની પહેલાં માર્ચમાં 'ધ અન્ટોલ્ડ સ્ટોરી ઓફ સી-શંકરન નાયર' જેવી ફિલ્મ છે જેમાં કોંગ્રેસના પ્રમુખ રહેલા વકીલ, જલિયાવાલા બાગના ઘટનાક્રમનું સત્ય શોધે છે. અરે તેની મોહનલાલ, પ્રભાસ સાથેની કનપ્પા પણ 25મી એપ્રિલ રજૂ થવાની છે. અક્ષય વચ્ચે ઘણી ફિલ્મોને કારણે થોડો બેધ્યાન જણાયો હતો પણ પછી તે કામે લાગી ગયો. ફિલ્મો તો ઓછી નહીં કરી પણ દરેક ફિલ્મ પાછળની મહેનત વધારી દીધી તેની પાસે અત્યારે મોહિત સૂરી, મૃગદીપ સિંઘ લાંબા દિગ્દર્શિત ફિલ્મ છે. અજય દેવગણ સાથે તે અજયનાં જ દિગ્દર્શનમાં કામ કરી રહ્યો છે. 'વેલકમ ટુ જંગલ' અને હાઉસફૂલ-5' છે જે જૂનમાં આવી શકે છે. અક્ષય દરેક પ્રકારનાં પાત્રોમાં સહજ અભિનેતા દેખાઈ આવે છે. ફિલ્મ નિર્માતા તરીકે પણ હજુ આગળ વધી રહ્યો છે અને 'જોલી એલ.એલ.બી-3' અને 'ભૂત બંગલા' નામની ફિલ્મ બનાવી રહ્યા છે. જેના દિગ્દર્શક પ્રિયદર્શન છે. અક્ષય 57 વર્ષનો થયો છે પણ તે એવી ભૂમિકા સ્વીકારી છે જેમાં ઉમર કોઈ મામલો ન બને. તે દિગ્દર્શનથી દૂર રહ્યો છે અને તે યોગ્ય જ છે પણ તેની અભિનેતા તરીકે ફિલ્મોની સંખ્યા 180 થી પાર થઇ ચૂકી છે.

લાઈમ લાઈટ



## સફળતાના સારા સમાચાર મળશે?

સારા અલી ખાનનો વીર પહારિયા બોયફ્રેન્ડ છે કે નહીં તે તો ખબર નથી પણ 'સ્કાયફોર્સ'માં તે બંને છે એટલે તેઓ ડેટીંગ કરતાં હોવાની વાતને હવા મળે તે તો પાકું છે. ફિલ્મો કાંઈ આવી ગપસપથી ચાલતી નથી એવું તો સારા પણ સમજતી હશે. તેની લગ્નની ઉંમર થઈ ગઈ છે, તેની ના નથી પણ ફિલ્મની એક્ટ્રેસ તરીકે સફળ થવા માટે લોકો એ જોતાં નથી કે હીરોઈન પરણેલી છે કે કુંવારી અને કોની સાથે હમણાં ફરે છે. સારાને બરાબર ખબર છે કે 2024ની તેની ત્રણ ફિલ્મોમાંથી કોઈએ ચમકદાર બિઝનેસ નથી કર્યો અને હવે તેવું નહીં બને તો સારાની ચમક ઊતરી જશે. સારા જાણે ખાસ કાંઈ કર્યા વિના સિનીયર એકટ્રેસ જેવી લાગી રહી છે. અલબત્ત, તેનો અવાજ એટલો ઈમ્પ્રેસિવ નથી પણ પરદા પર તે ખૂબ સહજ રહી પ્રેક્ષકો સાથે સંવાદ રચે છે. તેની વ્યક્તિગત ઈમેજ પણ એક સહજ વાણી-વર્તનવાળી વ્યક્તિની છે. તે ટોપ ફાઈવ કે ટોપ ટેનમાં પ્રવેશવાનું ઝનૂન નથી ધરાવતી. કેદારનાથ ફિલ્મ 2018માં આવી હતી અને વિત્યા વર્ષમાં તેણે કુલ 18 ફિલ્મોમાં જ કામ કર્યું છે. આ વર્ષે જો કે તેની ચાર-પાંચ ફિલ્મો આવે તેવું લાગે છે અને શરૂઆત 'સ્કાયફોર્સ'થી થશે. ટ્રેલરમાં જોતાં સમજાશે કે અક્ષય વીર પછી ત્રીજા ક્રમે તેની ભૂમિકા છે. આ છતાં તે ભૂમિકા સહાનુભૂતિ જગાવે તેવી છે. સારા અલી ખાન અત્યારે ઘણી બધી અભિનેત્રીઓની ગેરહાજરી વચ્ચે પોતાને સ્થાપી શકે તો તેના માટે ફાયદાકારક રહેશે. અભિનેત્રીઓ તો ઘણી છે પણ કોઈમાં અત્યારે કોઈ વજન વર્તાતું નથી અને રજૂ થતી જતી ફિલ્મો પ્રમાણે જ તેમણે પોતાની ઈમેજને કેશ કરવાની છે. સારા માટે પણ આ જ સત્ય છે. બાકી તે સિધ્ધાર્થ મલ્હોત્રા સાથે ફિલ્મોમાં આવી રહી છે. આયુષ્યમાન સાથેની પણ ફિલ્મ છે. આ વર્ષે તો તે પિતા સૈફ અલી ખાન સાથે પણ એક ફિલ્મમાં આવે તે શક્ય છે. આમાંની કોઈ ફિલ્મ ક્યારે રજૂ થશે તે જાહેર નથી થયું એટલે તે બધી નિર્માણના કયા તબક્કે છે તે કહેવું પણ મુશ્કેલ છે. નિર્માતાઓ ત્યારે જ ઉત્સાહ અનુભવતા હોય છે જ્યારે તેમની આવી રહેલી ફિલ્મના સ્ટાર્સ સફળ થયા હોય.

**કિર્તીએ પોતાની કારકિર્દી પોતાની રીતે બનાવવાની હતી. ફિલ્મ જગતમાં તેનાં કોઇ કનેક્શન ન હતાં અને તે કોઇ અભિનેતા યા દિગ્દર્શકની 'ખાસ મિત્ર' બની ન હતી. આમ છતાં તે તેની મજલ પર આગળ વધી રહી છે. તેણે 2016માં સાહિલ સહેગલ સાથે લગ્ન કર્યા પણ પાંચમાં વર્ષે તૂટી ગયા. ઠીક છે, એવું બન્યા કરતું હોય છે પણ તે અટકી નથી હવે તો તે 'નાયિકા' નામની ફિલ્મની નિર્માત્રી પણ છે જેમાં તે ખરેખર અર્થમાં સંઘર્ષશીલ અભિનેત્રીની ભૂમિકા ભજવી રહી છે**

# 'કિર્તી' હજુ કેટલી દૂર?

ગ્લેમર



કિર્તી કુલ્હારી ક્યારે બાજુ પર હટી જાય છે ને કયારે સામે આવી ચડે છે તે સમજાતું નથી. બધાને ભાગે સતત લાઈમ લાઈટ નથી હોતું. તેમણે પોતાના ભાગે આવતી ફિલ્મોની રાહ જોવાની રહે છે. કિર્તી પોતાની આ સ્થિતિ જાણી ગઇ છે અને સ્વસ્થતા જાળવી પોતાના વારાની રાહ જુએ છે. કયારેક તે અમિતાભ બચ્ચન-તાપસી પન્નુ સાથેની 'પિન્ક'માં હતી તો હતી, 'મિશન મંગલ'માં નેહા સિદ્દિકી તરીકે હતી તો હતી. 'બ્લેકમેલ'માં ઇરફાન ખાન સાથે રીના કૌશલ તરીકે હતી તો હતી. કોઇપણ કળાકારને આવનારો સમય જ મહત્વનો લાગતો હોય છે જે વિતી ગયો તે તો વિતી ગયો. હવે તે 'હિસાબ બરાબર' નામની થ્રિલરમાં આર.માધવન અને નીલ નીતીન મુકેશ સાથે આવી રહી છે. માધવન અને નીલ નિતીન મુકેશ કોઇ મોટા સ્ટાર નથી પણ તેમણે પોતાની એક જગ્યા જરૂર બનાવી છે તેમ કિર્તી વિશે ય કહી શકો. 'હિસાબ બરાબર' ઓટીટી પર રજૂ થઇ રહી છે. આ ફિલ્મની કેપ્શન છે : 'જબ એક આમ આદમી ઉઠતા હૈ, તો સિસ્ટમ હીલ જાતા હૈ'. કિર્તીની ભૂમિકા ઘણી ઇન્ટેન્સ છે. હવે આ ફિલ્મ પ્રેક્ષકોને હલાવી શકે તો કહેવાશે કે બાત કુછ બની.

> **કિર્તી પોતે પણ કામની શિષ્ટ સમજે છે. નાટકોમાં કામ કરતાં કરતાં તે ફિલ્મો તરફ આગળ વધી છે. થિયેટર પછી તે ઘણી જાણીતી પ્રોડક્ટ્સની જાહેરાતમાં પણ આવી છે. કિર્તીએ પોતાની કારકિર્દી પોતાની રીતે બનાવવાની હતી**

કિર્તીએ 'ખિચડી:ધ મુવી'થી શરૂઆત કહેલી પછી 'શેતાન', 'જાલ', 'વિન્ક', 'વિન્ક', 'ઇન્દુસરકાર, ઉરી:ધ સર્જિકલ સ્ટ્રાઇકિ 'મિશન મંગલ' વગેરે ફિલ્મોમાં આવી છે. તેણે 'ફોર મોર શોટ્સ પ્લિઝ', 'ક્રિમિનલ જસ્ટિશ' અને 'હ્યુમન' જેવી વેબસિરીઝમાં પણ કામ કર્યું છે. મુંબઇમાં જન્મેલી કિર્તી મૂળ રાજસ્થાનમાં ઝૂનઝૂનુ જિલ્લાની છે. તેના પિતા ઇન્ડિયન નેવીમાં કમાંડર હતા. કિર્તી પોતે પણ કામની શિષ્ટ સમજે છે. નાટકોમાં કામ કરતાં કરતાં તે ફિલ્મો તરફ આગળ વધી છે. થિયેટર પછી તે ઘણી જાણીતી પ્રોડક્ટ્સની જાહેરાતમાં પણ આવી છે. કિર્તીએ પોતાની કારકિર્દી પોતાની રીતે બનાવવાની હતી. ફિલ્મ જગતમાં તેનાં કોઇ કનેકશન ન હતાં અને તે કોઇ અભિનેતા યા દિગ્દર્શકની 'ખાસ મિત્ર' બની ન હતી. આમ છતાં તે તેની મજલ પર આગળ વધી રહી છે. તેણે 2016માં સાહિલ સહેગલ સાથે લગ્ન કર્યા પણ પાંચમાં વર્ષે તૂટી ગયા. ઠીક છે, એવું બન્યા કરતું હોય છે પણ તે અટકી નથી હવે તો તે 'નાયિકા' નામની ફિલ્મની નિર્માત્રી પણ છે જેમાં તે ખરેખર અર્થમાં સંઘર્ષશીલ અભિનેત્રીની ભૂમિકા ભજવી રહી ચે. ભુલથી તે એક ગુન્હામાં સપડાય છે અને એક જંગ ખેલવાનો આવે છે! 'હિસાબ બરાબર' પાસે આશા રાખતી કિર્તી પોતાની ફિલ્મ માટે વધુ આશા રાખે છે. તેની પાસે હિમેશ રેશમીયા લિખી-અભિનીતી બેડએસ રવિકુમાર જેવી મ્યુઝિકલ ફિલ્મ પણ છે અને તનીશા ચેટરજી દિગ્દર્શીત 'અસરીન' પણ છે. આ ફિલ્મો અને તેની પોતાની ફિલ્મ ચાલી જશે તો જરૂર તે તેની કારકિર્દીને એક નવો મોડ પર લઇ જશે. કમાંડરની દિકરી છે તે કાંઇ પાછી પડે તેમ નથી.